ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ અંતર્ગત અશકતતા માટે રાજ્ય સલાહકાર બોર્ડ (State Advisory Board on Disability)માં સભ્યોની નિમણૂંક કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૭/૨૮૧૬૫૫/છ.૧

સચિવાલય, ગાંધીનગર

તા.૨૭/૧૨/૨૦૧૯.

વંચાણે લીધા:-

(૧) ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ,૨૦૧૬.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૭/૦૫/૨૦૧૭નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૩૧/૦૫/૨૦૧૮નો પત્ર નં.સસુખા/અપગ/સ્ટે.એ.બો/૧૮-૧૯/૨૩૦.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૨૬/૦૯/૨૦૧૮નો પત્ર નં.સસુખા/અપગ/સ્ટે.એ.બો/૧૮-૧૯/૪૬૪.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૧/૦૫/૨૦૧૯નો પત્ર નં.સસુખા/અપગ/૨૦૧૯-૨૦/૧૯૪.

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવથી ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ની કલમ-૬૬ થી ૭૧ અને ૭૩ની જોગવાઈ અનુસાર રાજ્ય સલાહકાર બોર્ડ (State Advisory Board on Disability)ની રચના કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવના મુદ્દા નં.૫માં ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ની કલમ-૬૬(૨)(ઈ)(iii)ની જોગવાઈ અનુસાર અશકતતા સાથે સંકળાયેલ બિનસરકારી સંસ્થાઓ કે સંગઠનોના શક્ય હોય ત્યાં સુધી અશકતતા ધરાવતા દશ બિનસરકારી સભ્યોનો કે જે પૈકી ઓછામાં ઓછી પાંચ મહિલાઓ તેમજ અનુસૂચિત જાતિના એક સભ્ય તથા અને અનુસૂચિત જનજાતિના એક સભ્યનો રાજ્ય સલાહકાર બોર્ડમાં સમાવેશ કરવાનો રહે છે. આ દશ બિનસરકારી સભ્યોની હવે પછી કરવામાં આવશે, તેમ ઉક્ત તા.૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવમાં જણાવેલ છે. જે અનવ્યે સભ્યોની નિમણૂંક બાબતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,

ગાંધીનગર દ્વારા ક્રમાંક (૩) થી (૫) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ અંતર્ગત અશકતતા માટે રાજ્ય સલાહકાર બોર્ડ (State Advisory Board on Disability)માં ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ની કલમ-૬૬(૨)(ઈ)(iii)ની જોગવાઈ મુજબ નીચે મુજબના ત્રણ બિનસરકારી સભ્યોની આથી નિમણૂંક કરવામાં આવે છે.

| ક્રમ | નામ અને સરનામું. | બોર્ડમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી અતુલભાઈ ઝવેરભાઈ રામાણી, એ/૪૩. સાકેતધામ સોસાયટી, કાપોદ્રા, સુરત | સભ્ય |
| ૨ | શ્રી નરેન્દ્રભાઈ મણીલાલ પટેલ, રહે.૧૦/બી, જનકપુરી સોસાયટી, માંજલપુર, વડોદરા. | સભ્ય |
| 3 | શ્રી શૈલેષભાઈ કેશવલાલ પંચાલ, "કેશવ"-૦૯, મિલનકુંજ સોસાયટી, સ્ટેશન રોડ, પાદરા-૩૯૧૪૪૦, જિ. વડોદરા (ગુજરાત) | સભ્ય |

ઉક્ત બિનસરકારી સભ્યોની અશકતતા માટે રાજ્ય સલાહકાર બોર્ડ (State Advisory Board on Disability)માં મુદ્દત ત્રણ વર્ષની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.*
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં-૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- ઉક્ત નિમણૂંક પામેલ ત્રણ બિનસરકારી સભ્યશ્રીઓ (મારફત:-નિયામકશ્રી, સમાજ સુરક્ષા)

- અશકતતા માટે રાજ્ય સલાહકાર બોર્ડ (State Advisory Board on Disability)ના અન્ય તમામ બિનસરકારી સભ્યશ્રીઓ (મારફત:-નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- ના.સે.અ.શ્રીની સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.